સંદેશ પાના નં. ૦૭, તા. ૦૬-૦૫-૨૦૨૫

## ડિસેમ્બર સુધીમાં મહાત્મા મંદિર સુધી મેટ્રો દોડશે

# સચિવાલય સુધી મેટ્રોમાં દૈનિક ૪ હજાર મુસાફરો મુસાફરી કરે છે

। અમદાવાદ ।

અમદાવાદ મેટ્રો હવે ગાંધીનગર માટે પણ આશીર્વાદરૂપ સાબિત થઈ છે. અમદાવાદથી સચિવાલય સુધી અપડાઉન કરતા દૈનિક સરેરાશ ૪,૦૦૦ મુસાફરો માટે મેટ્રો જાહેર પરિવહનની સસ્તી, સલામત અને ઝડપી સેવા પુરવાર થઈ રહી છે. ગત તા.૨૭ એપ્રિલથી સચિવાલય સુધી મેટ્રો લંબાવાતા તા.૪ મે સુધીમાં ૩૫,૨૫૭ લોકોએ ગાંધીનગર જવા-આવવા માટે મેટ્રોની સવારી માણી હતી. જે થકી મેટ્રોને ૬.૭૩ લાખની આવક થવા પામી હતી.

અમદાવાદમાં ટ્રાફિક રહિત મેટ્રોની સવારીની લોકપ્રિયતા શહેરીજનોમાં એટલી છેકે વર્ષ ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષ દરમિયાન ચાર કરોડથી વધુ લોકોએ મેટ્રોની સવારી માણી હતી. જેના થકી મેટ્રોને એક વર્ષમાં જ અધધ..૪૫.૩૧ કરોડની આવક મળી હતી. અમદાવાદથી ગાંધીનગર સેક્ટર-૧ અને ગિફ્ટ સિટી માટે મેટ્રો દોડતી હતી જે હવે સચિવાલય સુધી લંબાવાતા સરકારી કર્મચારીઓ, વિદ્યાર્થી, નોકરિયા અને ધંધાર્થી તેમજ પ્રવાસી વર્ગને ફાયદો થઈ રહ્યો છે. હાલ ગાંધીનગરમાં સચિવાલયથી અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર-૧૬ , સેક્ટર-૨૪ થી લઈને મહાત્મા મંદિર સુધી મેટ્રો દોડાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.

**મેટ્રોમાં એક વર્ષમાં ૪ કરોડથી વધુ લોકોએ મેટ્રોની સવારી માણી**

૫